# ભારતમાં ગરમીથી ૭૫૦થી વધુના મોત

## આંધ્રમાં ૫૫૧ અને તેલંગાણામાં ૨૧૩ લોકોના મોત થયા

નવી દિલ્હી,તા. ૨૬

આંધ્રપ્રદેશ અને તેલંગાણા સહિત દેશના મોટા ભાગના રાજ્યો હવે કિલર સમાન સાબિત થઈ રહેલા હિટવેવના સકંજામાં છે. ગરમી સબંધિત રોગના કારણે આંધ્રપ્રદેશ અને તેલંગાણામાં થોડાક દિવસમાં ૭૬૪થી પણ વધુ લોકોના મોત થઈ ગયા છે. આંધ્રપ્રદેશમાં ગરમી સંબંધિત રોગ અને હિટવેવથી ૫૫૧ લોકોના મોત થયા છે, જ્યારે તેલંગાણામાં મોતનો આંકડો ૨૧૩ સુધી પહોંચી ગયો છે. બન્ને રાજ્યોમાં ગરમીનો પારો આસમાને પહોંચી ગયો છે. હવામાન વિભાગ તરફથી તેલંગાણા માટેના ઘણા ભાગોને લઈને હિટવેવની ચેતવણી જારી કરાઈ છે, જેમાં નાલગોંડા, કરીમનગર અને અદિલાબાદ જિલ્લાનો સમાવેશ થાય છે. આવી જ રીતે આંધ્રપ્રદેશમાં મહત્તમ તાપમાન ૪૬.૮ ડિગ્રી સુધી પહોંચ્યું છે. પૂર્વીય ગોદાવરી જિલ્લામાં પારો ૪૬.૩ સુધી પહોંચ્યો છે. જ્યારે કાકીનાડા ખાતે ૪૬.૧ સુધી પારો પહોંચ્યો છે. બન્ને રાજ્યોની સરકારોએ સવારે ૧૧થી લઈને સાંજે ૪ વાગ્યા વચ્ચે ઘરની બહાર ન નિકળવા લોકોને કહ્યું છે. ગરમીથી હાલ કોઈ રાહત મળે તેવી શક્યતા દેખાઈ રહી નથી. આંધ્ર અને તેલંગાણા ઉપરાંત રાજસ્થાન, ઉત્તરપ્રદેશ, પંજાબ અને હરિયાણા સહિતના રાજ્યો પણ ગરમીની ભઠ્ઠીમાં શેકાઈ રહ્યા છે. તમામ જગ્યાએ પારો ખુબ ઉંચી સપાટી પર પહોંચી ગયો છે. કેટલાક રાજ્યોમાં તો તંત્ર દ્વારા લોકોને ઘરમાં રહેવાની સુચના આપવામાં આવી છે. હાલમાં કોઈ રાહત મળે તેવી શક્યતા દેખાઈ રહી નથી. છેલ્લા થોડાક દિવસના ગાળામાં બન્ને રાજ્યોમાં મોતનો આંકડો ૭૬૪ની નજીક પહોંચી ગયો છે. બન્ને રાજ્યોના મોટા ભાગના



વિસ્તારોમાં રહેતા લોકો ભારે પરેશાન છે. જનજીવન સંપૂર્ણ ખોરવાઈ ગયું છે. દેશના તમામ રાજ્યો તીવ્ર ગરમીના સકંજામાં આવી ગયા છે. ઉત્તરપ્રદેશના અલ્હાબાદમાં પારો હાલમાં ૪૭.૭ સુધી પહોચી ગયો હતો. રાજસ્થાનમાં ગરમીના પ્રકોપના કારણે લોકોની હાલત કફોડી બનેલી છે. રાજ્યના જેસલમેર, બાડમેર, બિકાનેર, શ્રીગંગાનગર, અજમેર અને અન્ય વિસ્તારોમાં લોકોની હાલત કફોડી બનેલી છે.ખાસ કરીને ગ્રામીણ વિસ્તારમાં રહેતા લોકોની હાલત સૌથી વધારે કફોડી છે. પહાડી અથવા તો હિલસ્ટેશનો પણ તીવ્ર ગરમીથી બચી શક્યા નથી. અલમોડા, નૈનિતાલ, સિમલામાં તાપમાન વધારે નોંધાયું છે. જેના લીધે ટ્યુરિસ્ટ અને લોકોને મુશ્કેલી નડી રહી છે.તાપમાન રાજસ્થાનના મોટાભાગના વિસ્તારોમાં ૪૫થી ઉપર છે. જયપુરના ઘણા વિસ્તારમાં પાણી પુરવઠો ઠપ થઈ ગયો છે. તીવ્ર ગરમી વચ્ચે વિજ અને પાણી કાપથી સમસ્યા વધુ જટીલ બની ગઈ છે. મછલીપટ્ટનમ અને વિજયવાડામાં પારો હાલ ૪૭ ડિગ્રીની આસપાસ પહોંચી ગયો હતો. ભીષણ લુના કારણે લોકો ભારે મુશ્કેલી અનુભવ કરી રહ્યા છે. રાષ્ટ્રીય પાટનગર ગુજરાત, રાજસ્થાન, ઉત્તરપ્રદેશ સહિતના રાજ્યોમાં જનજીવન ખોરવાઈ ગયુ છે.

**૨૮મી મે બાદથી તાપમાનમાં ઘટાડો થઈ શકે**

### આગામી બે દિવસ હિટવેવ રહેવાની ચેતવણી

નવી દિલ્હી,તા. ૨૬

ભારતીય હવામાન વિભાગે માહિતી આપતા કહ્યું છે કે, આગામી બે દિવસ સુધી તીવ્ર ગરમીથી લોકોને રાહત મળશે નહીં. દિલ્હી, હરિયાણા, ચંદીગઢ, પંજાબ, વિદર્ભ અને ઓરિસ્સાના જુદા-જુદા ભાગોમાં તીવ્ર ગરમીનું મોજું રહેશે. આ પ્રકારની સ્થિતિમાં સાવધાન રહેવાની સુચના લોકોને આપીને આઈએમડી દ્વારા જણાવાયું છે કે, આંધ્ર અને તેલંગાણામાં લોકોની હાલત ખૂબ જ કફોડી રહી શકે છે. હિટવેવના કારણે આવતીકાલે પણ કોઈ રાહત નહીં મળે તેવી શક્યતા દેખાઈ રહી છે. દેશના રાષ્ટ્રીય હવામાન વિભાગે આગાહીમાં જણાવ્યું છે કે, ૨૮મી મે બાદથી ઘણા વિસ્તારમાં તાપમાનમાં ઘટાડો થઈ શકે છે. હવામાન બુલેટિનની આગાહીમાં જણાવાયું છે કે, ઘણા પગલા તંત્ર દ્વારા લેવાઈ રહ્યા છે. આંધ્રપ્રદેશ, તેલંગાણા, વિદર્ભમાં ૨૮મી મે બાદથી તાપમાનમાં બે ડિગ્રી સુધીનો ઘટાડો થઈ શકે છે અને સામાન્ય લોકોને રાહત મળી શકે છે. બીજીબાજુ દેશના ઉત્તર અને પૂર્વીય રાજ્યોમાં ભારે વરસાદની આગાહી કરાઈ છે. જેથી તાપમાનમાં ઘટાડો થઈ શકે છે. હિટવેવની ચેતવણીથી લોકોની તકલીફ વધી ગઈ છે.

# વધુ સ્વિસ બેંક ખાતા ધરાવનારના નામો ખુલ્યા : યશ બિરલા સામેલ

**જે ભારતીયોના નામ ખુલ્યા છે તેમાં યશ બિરલા ઉપરાંત ગુર્જીતસિંહ કોચર, દિલ્હીના બિઝનેસ મહિલા રિતીકા શર્મા, સ્નેહલતા, સંગીતા સહાની સામેલ**

નવી દિલ્હી,તા. ૨૬

સ્વીત્ઝરલેન્ડે સ્વિસ બેંકોમાં ખાતા ધરાવનાર જે ભારતીય લોકોના નામની જાહેરાત કરી છે તેમાં ત્રણ વધુ નામોની ઓળખ થઈ ગઈ છે. આ નામમાં ઉદ્યોગપતિ યશ બિરલા, સ્વર્ગસ્થ પોન્ટી ચઢ્ઢાના જમાઈ ગુર્જીતસિંહ કોચરનું નામ સપાટી પર આવતા સનસનાટી મચી ગઈ છે. વધુ સ્વિસ બેંક ખાતાઓ ધરાવનાર લોકોના નામ સપાટી પર આવતા આગામી દિવસોમાં રાજનીતિ વધુ ગરમી પકડે તેવી શક્યતા દેખાઈ રહી છે. ઉદ્યોગપતિ યશ બિરલા, મુંબઈ સ્થિત બે વ્યક્તિગતો સહિત કુલ પાંચ લોકોના નામ સપાટી પર આવ્યા છે. સ્વિત્ઝરલેન્ડના પત્રમાં સ્વિસ બેંકોમાં ખાતા ધરાવનાર અનેક વિદેશીઓના નામનો પણ ખુલાસો થયો છે. તેમાં હજુ સુધી કુલ પાંચ ભારતીય લોકોના નામ સપાટી પર આવ્યા છે. સોમવારે મોડી રાત્રે બે ભારતીય સ્નેહલતા અને સંગીતા સહાનીના નામ પણ સપાટી પર આવ્યા હતા. બન્નેના જન્મ તારીખ સિવાયની તેમના અંગે કોઈ વધારે માહિતી મળી શકી નથી. સ્વિત્ઝરલેન્ડમાં ભારતીય ઉપરાંત અમેરિકી, ઈઝરાયેલી સહિત અન્ય ઘણા વિદેશી દેશોના નાગરિકોના નામ જાહેર કર્યા છે. સ્વિત્ઝરલેન્ડ દ્વારા જે નામો જાહેર કરવામાં આવ્યા છે તેમાં તેમની સામે પોતાના દેશોમાં તપાસ ચાલી રહી છે. સ્વિસ ફેડરલ ટેક્સ એડમિનિસ્ટ્રેશન (એફટીએ) દ્વારા નામ જાહેર કરવામાં આવતા કહેવામાં આવ્યું છે કે, ભારતીયોને કહેવામાં આવ્યું હતુ કે, જો તેઓ ઈચ્છશે નહીં તો તેમના નામ ભારતીય અધિકારીઓને આપવામાં આવશે નહીં. આ પ્રકારની સ્થિતિમાં તેઓ ૩૦ દિવસની અંદર સ્વિસ કોર્ટમાં અપીલ કરી શકે છે. સ્વિત્ઝરલેન્ડના સત્તાવાર ગેજેટમાં સ્વિસ બેંક ખાતા ધરાવનાર લોકોના નામનો ખુલાસો કરાયો છે. ભારતમાં તેમની સામે ટેક્સ મામલાઓમાં તપાસ ચાલી રહી છે. દિલ્હી સ્થિત બિઝનેસ વુમન રિતિકા શર્માના નામનો પણ ખુલાસો થયો છે. સ્વિસ ફેડરલ દ્વારા ભારત સાથે બિરલા અને શર્માના સંદર્ભમાં કેટલીક વિગતોની આપ-લે કરવામાં આવી છે. સ્નેહલતા અને સંગીતા સહાનીના નામ પણ જાહેર થતાં તેમના મામલામાં તપાસ થઈ રહી છે. સૈયદ મોહમ્મદ



મસુદના કેસમાં મુંબઈથી લઈને પોંજી સ્કિમના મામલામાં તપાસ ચાલી રહી છે. તેમના બેંક ખાતાઓ થોડાક વર્ષ અગાઉ એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ દ્વારા વિનંતી કરાયા બાદ ફિઝ કરવામાં આવ્યા હતા. તેમના અંગે અને ચૌડ કૌસર મોહમ્મદ મસુદ અંગે નવી વિગત ભારતીય સત્તાવાળાઓ દ્વારા માંગવામાં આવી છે. બિરલાની ઓફિસ તરફથી પણ નામ જાહેર કરાયા બાદ કોઈ પ્રતિક્રિયા મળી નથી. જ્યારે શર્મા તરફથી કોઈ જવાબ અપાયો નથી. અગાઉ પણ જ્યારે બિરલાનું નામ સ્વિસ બેંક ખાતાઓની એચએસબીસી લિસ્ટમાં લીક થતાં તેઓએ કોઈ ટિપ્પણી કરવાનો ઈન્કાર કર્યો હતો. મસુદના સંદર્ભમાં પણ કોઈ પ્રતિક્રિયા આવી શકી નથી. બ્રિટીશ, સ્પેનિશ અને રશિયન નાગરિકોના સંદર્ભમાં પણ વિગતો મળી છે. અમેરિકન અને ઈઝરાયેલી નાગરિકોના કેસમાં તેમના સંપૂર્ણ નામ રોકવામાં આવ્યા છે. ભારત સરકાર સ્વિસ સત્તાવાળાઓ સાથે કરવેરાને લઈને તપાસ કરી રહી છે. કાળા નાણાંના મુદ્દે ભારતની લડતને ટેકો આપતા સ્વિત્ઝરલેન્ડે ગયા સપ્તાહમાં જ કહ્યું હતુ કે તેની સંસદ ટૂંકમાં જ કાયદામાં સુધારા કરશે.

**અમેઠીમાં સ્મૃતિ ઈરાનીનો દાવો**

## ૧૦ વર્ષમાં ન થયું તે કામ એક વર્ષમાં પૂર્ણ થયું છે

નવી દિલ્હી,તા. ૨૬

નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં એનડીએ સરકાર આજે એક વર્ષ પૂર્ણ કરી ચુકી છે. ત્યારે કેન્દ્રીય મંત્રી સ્મૃતિ ઈરાનીએ કોંગ્રેસના ઉપપ્રમુખ રાહુલ



ગાંધીના મત વિસ્તાર અમેઠીની મુલાકાત લીધી હતી અને કહ્યું હતું કે, જે કામ છેલ્લા ૧૦ વર્ષમાં પણ કરી શકાયું નથી તે કામ મોદી સરકારે માત્ર એક વર્ષમાં જ કરી બતાવ્યું છે. સલોનમાં એક રેલીને સંબોધતા સ્મૃતિએ કહ્યું હતું કે અમે અમેઠીના લોકોને રેલવે લાઈન આપી ચુક્યા છીએ. ૨૫મી મેના દિવસે અમેઠી-ઉનછાર વચ્ચે રેલવે લાઈન આપી ચુક્યા છીએ. છેલ્લા ૧૦ વર્ષમાં કોઈ કામ થયું નહતું. કેન્દ્રીય મંત્રીએ કહ્યું હતું કે, કોંગ્રેસ અમેઠીના લોકોની ઈચ્છા પૂર્ણ કરવામાં નિષ્ફળ ગઈ છે. તેમણે કહ્યું હતું કે, ખેડૂતો લાંબાગાળાથી સોઈલ ટેસ્ટ લેબોરેટરીની માંગ કરી રહ્યા હતા જે માંગ હવે પૂર્ણ થશે. પ્રધાનમંત્રી સુરક્ષા વીમા યોજના અંગે વાત કરતાં સ્મૃતિએ કહ્યું હતું કે, અમે ૨૫ હજાર લોકોને આ સ્કીમ હેઠળ આવરી લેવા કટિબદ્ધ છીએ. તેમના પ્રથમ ઈન્સ્ટોલમેન્ટની ચુકવણી કરશે. રાયબરેલીમાં મોડેથી રાહુલ પર આક્ષેપ કરતા સ્મૃતિએ કહ્યું હતું કે, તેઓ વડાપ્રધાનની ટીકા કરે છે પરંતુ તેમના મત વિસ્તારમાં પણ લોકોના વચનો પાળી શક્યા નથી.

# મોદી સરકાર પ્રથમ વર્ષમાં ૭૭.૫ ટકા ડિસ્ટિન્કશન માર્ક મેળવી ગઈ

નવી દિલ્હી,તા. ૨૬

નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં એનડીએ સરકારે આજે સત્તામાં એક વર્ષ પૂર્ણ કરી લેતા આની ઉજવણીની શરૂઆત થઈ ચુકી છે. મોદી સરકારની છેલ્લા એક વર્ષની કામગીરી પર નજર રાખનાર મિડિયા અને નિષ્ણાત લોકો પણ હવે પોત પોતાના અભિપ્રાય આપી રહ્યા છે. એક અગ્રણી અખબારે જુદા જુદા તારણો બાદ સરકારે એક વર્ષ પૂર્ણ કર્યા બાદ ૧૦૦માંથી ૭૭.૫ ટકા માર્ક આપીને આ સરકારને પાસ કરી છે. નવા રેટિંગ જુદા જુદા કામમાં આપવામાં આવ્યા છે. આ સર્વેમાં દરમિયાન કામકાજને ૧૦-૧૦ નંબરોના ૧૦ હિસ્સામાં મુકવામા આવ્યા હતા. મોદીને ક્યા ક્ષેત્રમાં કેટલા માર્ક મળ્યા છે તે બાબત ખુબ ઉપયોગી છે. મોદીએ લોકસભાની ચૂંટણી પહેલા મજબુત નેતૃત્વ આપવાનુ વચન આપ્યું હતુ અને આ વાતથી તેમના વિરોધી પણ ઈન્કાર કરી શકતા નથી કે મોદીએ તેમના શાસનમાં એક અલગ છાપ છોડી



છે. મોદી પર સત્તાના કેન્દ્રિકરણના આરોપ પણ મુકવામાં આવ્યા છે. સરકારી બાબુ સમયસર ઓફિસ પહોંચી રહ્યા છે.મંત્રીઓના રિપોર્ટમાં ચકાસણી કરવાના મામલે આ સરકાર અગાઉની સરકારની તુલનામાં વધારે કઠોર સાબિત થઈ રહી છે. જો કે સીવીસી અને સીઈસીની નિમણમૂંકમાં હાલ વિલંબની સ્થિતી રહેલી છે. સારી લીડરશીપ, શાસન અને કામના માહોલને લઈને આ સરકારને લોકો તરફથી સારા માર્ક મળી રહ્યા છે. વિકાસના માર્ગ પર અર્થતંત્ર હવે આગળ વધી રહ્યું છે. અગાઉની સરકારના ગાળામાં વિકાસ ગતિ ધીમી હતી. સાથે સાથે અનિશ્ચિતાના વાદળો હોવાથી રોકાણકારો પરેશાન દેખાઈ રહ્યા હતા. આ માહોલને બદલી દેવામાં મોદી સફળ રહ્યા છે. છેલ્લા એક વર્ષની તુલનામાં સ્થિતી ખુબ બદલાઈ ગઈ છે. જમીન અધિગ્રહણ બિલ અને શ્રમ કાયદામાં ફેરફારને પણ અર્થતંત્રને પાટા પર લાવવાના પ્રયાસ તરીકે જોવામાં આવે છે. વીમા બિલ અને માઈનિંગ બિલ બિલ આનો હિસ્સો છે. એફડીઆઈ પોલીસીમાં ફેરફાર પણ મેક ઈન ઈન્ડિયાના નારાને જમીન પર લાવવાના પ્રયાસ તરીકે છે. કટોકટીમાં રહેલા કૃષિ ક્ષેત્રમાં નવા પ્રાણ ફુંકવાના પ્રયાસ કરવામા આવી રહ્યા છે. કૃષિ એવા ક્ષેત્ર તરીકે છે જેમાં સરકાર તેના વચનોને પાળવામાં નિષ્ફળ રહી છે. કારણ કે ખરાબ મોનસુનની પણ તેમાં ભૂમિકા છે. હવે ૩૩ ટકા પાક ખરાબ હોવાની સ્થિતીમાં હોનારતગ્રસ્ત ખેડુતો વળતર મેળવી શકતા હતા પરંતુ હવે ૫૦ ટકા પાક ખરાબ હોવાની સ્થિતીમાં પણ ખેડુતો વળતર મેળવી શકે છે. સોઈલ હેલ્થ કાર્ડ યોજના લોંચ કરવામાં આવી હતી. આગામી ત્રણ વર્ષમાં ૧૩ કરોડ ખેડુતોને આ કાર્ડ મારફતે જોડી દેવામાં આવશે અને તેમની માટીની સ્થિતી અંગે તેમને માહિતી આપવામાં આવશે. તમામ ક્ષેત્રોમાં અસરકારક પગલા લઈને સ્થિતી સુધારવાના પ્રયાસ થયા છે.

**૫૪૨ પૈકી ૨૯૮એ એક રૂપિયો ખર્ચ્યો નથી**

## મતવિસ્તારમાં કુલ ૫૫ ટકા સાંસદો ખર્ચ કરી રહ્યા નથી

નવી દિલ્હી,તા. ૨૬

મોદી સરકારે સત્તામાં એક વર્ષ પૂર્ણ કરી લીધા બાદ જુદા-જુદા ક્ષેત્રોમાં મુલ્યાંકનની ગતિવિધિ શરૂ થઈ ચુકી છે. હાલમાં જ કરવામાં આવેલા અભ્યાસમાં જાણવા મળ્યું છે કે, ૧૬મી લોકસભાના ૫૪૨ સભ્યો પૈકીના ૨૯૮ સભ્યોએ તેમના મત વિસ્તારના વિકાસ માટે તેમના માટે વાર્ષિક મુકવામાં આવેલા પાંચ કરોડ રૂપિયા પૈકી એક રૂપિયો પણ ખર્ચ કરવામાં આવ્યો નથી. ઈન્ડિયા સ્પેન્ડને ઉપલબ્ધ આંકડામાં આ મુજબની માહિતી આપવામાં આવી છે. સંસદના સભ્યોની યાદીમાં સરકારના મોટાભાગના પ્રધાનો પણ ઉદાસીન રહ્યા છે. આ લોકોએ પણ તેમના એમપી લોકલ એરિયા ડેવલોપમેન્ટ સ્કિમ ફંડ પૈકીની રકમ ખર્ચ કરી નથી. એમપીએલએડીએસ ફંડની અવગણના કરી ચુકેલા ટોપ પ્રધાનોની વાત કરવામાં આવે તો તેમાં ગૃહમંત્રી રાજનાથસિંહ (લખનૌ), રસાયણ અને ખાતર પ્રધાન અનંતકુમાર (બેંગ્લોર, દક્ષિણ), કાયદા પ્રધાન સદાનંદ ગૌડા (બેંગ્લોર, નોર્થ), માઈક્રો, સ્મોલ અને મીડિયમ ઉદ્યોગ સાહસિકો માટેના પ્રધાન કાલરાજ મિશ્રા (દિયોરીયા) અને જળસંશાધન પ્રધાન ઉમા ભારતી (ઝાંસી) દ્વારા પણ નાણાં ખર્ચ કરવામાં આવ્યા નથી. જીરો ખર્ચમાં સામેલ અન્યોમાં કોંગ્રેસ પ્રમુખ સોનિયા ગાંધી (રાયબરેલી), ભાજપના પીઢ નેતા મુરલી મનોહર જોશી (કાનપુર), સમાજવાદી પાર્ટીના નેતા મુલાયમસિંહ (આજમગઢ)નો સમાવેશ થાય છે. વડાપ્રધાન મોદીના મત વિસ્તાર વારાણસીમાં પાંચ કરોડની રકમ પૈકી ૧૬ ટકા રકમનો ઉપયોગ થયો છે. વર્તમાન લોકસભામાં ભાજપના ૨૮૧ અને કોંગ્રેસના ૪૪ સભ્યો છે. ૫૨ સાંસદો સાથે ઉત્તરપ્રદેશ એમપીએલએડી નાણાંનો ખર્ચ ન કરનાર રાજ્યોની યાદીમાં પ્રથમ સ્થાને છે. ત્યારબાદ મહારાષ્ટ્ર અને બિહાર છે. તમિલનાડુ, કેરલ, પશ્ચિમ બંગાળના સંસદ સભ્યો આ સ્કિમ હેઠળ વધુ સારી કામગીરી અદા કરી રહ્યા છે.

## રામ મંદિર, કલમ-૩૭૦ માટે બહુમતિ નથી : શાહ

નવી દિલ્હી,તા. ૨૬

વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં એનડીએ સરકાર એક વર્ષ પૂર્ણ કરી ચુકી છે ત્યારે ભાજપ પ્રમુખ અમિત શાહે આજે કહ્યું હતું કે, પાર્ટી પાસે તેના કોર મુદ્દાઓ રામ મંદિર અને કલમ-૩૭૦ને અમલી બનાવવાની બહુમતિ ન હોવાથી આ મુદ્દાઓને છેડવામાં આવી રહ્યા નથી. બન્ને મુદ્દાઓ માટે ભાજપ પાસે બહુમતી નથી. ભાજપના વરિષ્ઠ નેતાએ કહ્યું હતું કે આ બન્નેને અમલી બનાવવા માટે પાર્ટીને બે તૃતીયાંશ બહુમતિ અથવા તો ૩૭૦ સાંસદોની જરૂર છે. એનડીએ સરકારની એક વર્ષની અવધિની પૂર્ણાહૂતિ પ્રસંગે વાત કરતાં તેમણે કહ્યું હતું કે, સરકારે પોલીસી પેરાલીસીસમાંથી દેશને બહાર લાવ્યો છે. સરકાર હવે પોલીસી પેરાલીસીસમાંથી બહાર આવી ચુકી છે. સરકાર હવે પ્રોએક્ટીવ થઈને કામ કરી રહી છે. જો જરૂર પડશે તો પોલીસીમાં ફેરફાર થશે. રાષ્ટ્રીય પાટનગર દિલ્હીમાં ભાજપ હેડક્વોર્ટર ખાતે પત્રકારો સાથે વાતચીત કરતાં તેમણે કહ્યું હતું કે, નરેન્દ્ર મોદી વડાપ્રધાન બન્યા બાદ પીએમઓમાં વિશ્વસનિયતા જાળવવામાં તેઓ સફળ રહ્યા છે. અગાઉની સરકારમાં દેશના લોકોને વિશ્વાસ ન હતો. હવે આ બાબતનો અંત આવી ગયો છે. વિશ્વએ ભારતની નોંધ લીધી છે અને ભારતની પ્રગતિ ઉપર વિશ્વભરની નજર કેન્દ્રીત થઈ ગઈ છે. એનડીએ સરકાર પારદર્શી સરકાર તરીકે છે. મીડિયા કરતાં પણ વધારે સાવધાન થયેલી છે. જમ્મુ-કાશ્મીરમાં પુર હોય કે પછી નેપાળમાં ભૂકંપ સરકારે ઝડપથી જવાબ આપ્યા છે.

દિલ્હી સરકાર અને કેન્દ્ર વચ્ચે ટસલના મુદ્દે પાર્ટી પ્રમુખે કહ્યું હતું કે, કહેવાથી ટસલની બાબત બંધારણ અને અન્ય લોકો વચ્ચે રહેલી છે. કોર્ટ દ્વારા દિલ્હી સરકારની સત્તા અંગે નિર્ણય લેવામાં આવશે. ૨૦૧૪ લોકસભાની ચુંટણીમાં પાર્ટીની શાનદાર જીત અંગે વાત કરતા શાહે કહ્યું હતું કે, સ્વતંત્રતા બાદ પ્રથમ વખત બિન કોંગ્રેસી સરકાર લોકો દ્વારા બહુમતી સાથે ચુંટી કાઢવામાં આવી છે. અગાઉની સરકારના ગાળા દરમિયાન બહાર આવેલા ભ્રષ્ટાચાર, કૌભાંડ અને વિવાદોનો હવે અંત આવી ગયો છે. એક વર્ષની અંદર મોદી સરકાર ઉપર આવા આક્ષેપ કરવાની સ્થિતિમાં વિપક્ષ પણ નથી. કોલસા ખાણની પારદર્શી હરાજીથી બે લાખ કરોડ રૂપિયા મળી ગયા છે. કાળા નાણાંના મુદ્દે પણ મોદી સરકાર બિલકુલ કટિબદ્ધ છે. કોંગ્રેસના નેતાઓ ભાજપ સામે આક્ષેપો કરે છે. ચુંટણી દરમિયાન મોદીએ કહ્યું હતું કે, સરકાર ગરીબ લોકો માટે કામ કરશે અને એક વર્ષમાં ભાજપ સરકારે આ દિશામાં પગલા લીધા છે.

## સલમાનને રાહત : વિદેશ જવાની હાઈકોર્ટની મંજુરી

મુંબઈ,તા. ૨૬

મુંબઈ હાઈકોર્ટે બોલીવુડ સ્ટાર સલમાન ખાનને ૨૯મી મેના દિવસે એક કાર્યક્રમ માટે દુબઈ જવાની લીલીઝંડી આપી દીધી છે. આની સાથે જ સલમાન ખાનને મોટી રાહત મળી ગઈ છે. સલમાન ખાનને હિટ એન્ડ રન કેસના સંદર્ભમાં થોડાક દિવસ પહેલા અપરાધી ઠેરવીને સજા ફટકારાઈ હતી. જોકે, મોડેથી મુંબઈ હાઈકોર્ટે સલમાનને રાહત આપી હતી અને તેની સજા પર સ્ટે



મુકી દીધો હતો. મુંબઈ હાઈકોર્ટની સિંગલ જજની બેંચે દુબઈ જવા સલમાનને આજે મંજુરી આપી દીધી હતી. આની સાથે જ સલમાનને મોટી રાહત મળી ગઈ છે. વેકેશન જજ જસ્ટીસ સાલિની જોષી દ્વારા તેમના વકિલની રજુઆત સાંભળ્યા બાદ આ અંગેની મંજુરી આપી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે, અપરાધી ઠેરવીને સજા ફટકારવામાં આવ્યાના બે દિવસ બાદ મુંબઈ હાઈકોર્ટ અપરાધી ઠેરવવા, સજાને સસ્પેન્ડ કરવા માટેની સલમાનની અરજીને સ્વીકારી લીધી હતી અને તેને જામીન આપ્યા હતા. હાઈકોર્ટે તે વખતે વિદેશ જવા માટે પરવાનગી લેવા આદેશ કર્યો હતો. જેના ભાગરૂપે સલમાને ૨૯મી મેના દિવસે આયોજિત એક કાર્યક્રમમાં ભાગ લેવા માટે દુબઈ જવા પરવાનગી માંગી હતી. હાઈકોર્ટના જજ જસ્ટીસ અભય થીપ્સેએ આ અરજીને સ્વિકારી લીધી હતી. સલમાન ખાન હાલમાં ભારે કાયદાકીય ગુંચવણમાંથી પસાર થઈ ચુક્યો છે. તેની લાઈફના સૌથી મુશ્કેલ તબક્કાથી તે પસાર થઈ ચુક્યો છે. સલમાનને હાઈકોર્ટ તરફથી દુબઈમાં કાર્યક્રમમાં ભાગ લેવા મંજુરી મળતાં તેને મોટી રાહત થઈ છે.

## બીજા દિવસે મંદી રહી : વધુ ૧૧૨ પોઈન્ટનો ઘટાડો થયો

મુંબઈ,તા. ૨૬

શેરબજારમાં આજે સતત બીજા દિવસે મંદીનું મોજું ફરી વળ્યું હતું. કારોબારના અંતે સેન્સેક્સમાં મોટો ઘટાડો રહ્યો હતો. ઓએનજીસી, આરઆઈએલ, તાતા મોટર્સ અને આઈટીસીમાં નબળાઈ જોવા મળી હતી. ભારતીય કંપનીઓ તરફથી ત્રિમાસિક ગાળાના પરિણામ યોગ્ય ન મળતાં અફડાતફડી જોવા મળી રહી છે. બેંચમાર્ક ઈન્ડેક્સમાં સોમવારના દિવસે એક ટકાની આસપાસનો ઘટાડો જોવા મળ્યો હતો. સેન્સેક્સ ૧૧૨ પોઈન્ટ ઘટીને આજે ૨૭૫૩૧ની સપાટીએ રહ્યો હતો. જ્યારે નિફ્ટી ૩૧ પોઈન્ટ ઘટીને ૮૩૩૯ની સપાટીએ રહ્યો હતો. બ્રોડર માર્કેટમાં અફડાતફડી બાદ મીડકેપ અને સ્મોલકેપ ઈન્ડેક્સમાં નજીવો ફેરફાર રહ્યો હતો અને બન્ને ઈન્ડેક્સ ક્રમશઃ ૧૦૬૦૯ અને ૧૧૧૬૫ની સપાટીએ રહ્યા હતા. માર્કેટબ્રીડ્થ આજે નકારાત્મક રહી હતી. ૨૭૮૧ શેરમાં કારોબાર રહ્યો હતો જે પૈકી ૧૧૭૩ શેરમાં તેજી અને ૧૪૭૮ શેરમાં મંદી રહી હતી. મોદીના નેતૃત્વમાં એનડીએ સરકાર સત્તામાં એક વર્ષ પૂર્ણ કરી ચુકી છે છેલ્લા વર્ષમાં સેન્સેક્સમાં ૧૩ ટકાનો ઉછાળો જોવા મળ્યો હતો.યુરોપિયન શેરબજારમાં પણ કારોબારની શરૂઆત મંદી સાથે થઈ હતી. એશિયન બજારમાં મિશ્ર સ્થિતિ રહી હતી. નિક્કીમાં૦.૧ ટકાનો ઉછાળો રહેતા તેની સપાટી ૨૦૪૩૭ અને શાંઘાઈ કમ્પોઝિટમાં બે ટકાનો ઉછાળો રહેતા તેની સપાટી ૪૯૧૦રહી હતી. હેંગસેંગમાં ૦.૯ ટકાનો ઉછાળો રહેતા તેની સપાટી ૨૮૨૪૯ જોવા મળી હતી. આજે કારોબાર દરમિયાન તમામ સેક્ટરલ ઈન્ડેક્સમાં મંદી રહી હતી. ઓઈલ એન્ડ એફએમસીજી શેરમાં પીછેહઠની સ્થિતિ જોવા મળી હતી. આવનાર દિવસોમાં શેરબજારની દિશા શું રહેશે તેને લઈને કોઈપણ કારોબારી કોઈ વાત કરવાની સ્થિતિમાં નથી. ઓએનજીસીમાં બે ટકાનો ઘટાડો જોવા મળ્યો હતો. એફએમસીજી ક્ષેત્રે આઈટીસીમાં એક ટકાનો ઘટાડો રહ્યો હતો. વ્યક્તિગત શેરની વાત કરવામાં આવે તો તાતા મોટર્સમાં ૧.૪ ટકાનો ઘટાડો જોવા મળ્યો હતો.અત્રે ઉલ્લેખનીય છે કે, શેરબજારમાં ગઈકાલે પણ મંદીનું મોજું ફરી વળ્યું હતું. સોમવારે કારોબારના અંતે સેન્સેક્સ ૩૧૪ પોઈન્ટ ઘટીને ૨૭૬૪૩ની સપાટીએ રહ્યો હતો. જ્યારે નિફ્ટી ૮૯ પોઈન્ટ ઘટીને ૮૩૭૦ની સપાટીએ રહ્યો હતો. શેરબજારમાં ફરી એકવાર મંદી રહેતા કારોબારીઓ દિશાહિન થયા હતા. કારોબાર દરમિયાન ભારે ઉથલપાથલની સ્થિતિ જોવા મળી હતી. ગઈકાલે કારોબાર દરમિયાન કેટલાક શેરમાં તેજી પણ રહી હતી.